પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૪૮ | ૨૯ એપ્રિલ, ૨૦૨૨, શુક્રવાર; ચૈત્ર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# પૂર્વોત્તર ક્ષેત્રમાંથી આફસ્પાને હટાવાશે : મોદી

## ૮ વર્ષમાં પૂર્વોત્તર રાજ્યોમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિમાં સુધારાનો દાવો : ત્રણ દાયકામાં આસામની અગાઉની સરકારોએ કાયદો-વ્યવસ્થાની સ્થિતિમાં સુધારો ન થવાથી આફસ્પાને વારંવાર લંબાવ્યો હોવાનો વડાપ્રધાનનો દાવો



ગુવાહટી, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે પૂર્વોત્તર ક્ષેત્રમાંથી આફસ્પાને સંપૂર્ણપણે હટાવવાના પ્રયાસો ચાલુ છે. દીફૂમાં 'શાંતિ, એકતા અને વિકાસ' રેલીને સંબોધતા, તેમણે કહ્યું કે આ પ્રદેશના વિવિધ ભાગોમાંથી આફસ્પા પાછી ખેંચી લેવામાં આવી શકે છે કારણ કે છેલ્લા આઠ વર્ષમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં સુધારો થયો છે. તેમણે કહ્યું હતું કે કાયદાના અમલીકરણથી ફેરફારો લાવવામાં આવતા વિસ્તારમાં હિંસામાં ૭૫ ટકા ઘટાડો થવા સાથે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં સુધારો થયો છે. તેમણે કહ્યું કે પહેલા ત્રિપુરામાં અને પછી મેઘાલયમાં આફસ્પા (એએફએસપીએ) હટાવવામાં આવ્યો હતો.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે છેલ્લા ત્રણ દાયકામાં, આસામની અગાઉની સરકારોએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં કોઈ સુધારો ન થવાને કારણે આફસ્પાને વારંવાર લંબાવ્યો હતો. છેલ્લા આઠ વર્ષમાં, સ્થિતિ નિયંત્રણમાં લાવવાના કારણે રાજયના મોટાભાગના ભાગોમાંથી આફસ્પા હટાવી દેવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# મહારાષ્ટ્રમાં બે દિ'માં વીજ મથકો પર કોલસો ખતમ થશે

## કોલ ઈન્ડિયા પાસેથી ખૂબ જ ઓછો કોલસો મળી રહ્યો છે અને કેન્દ્ર આ મામલે કોઈ મદદ ન કરી રહ્યાનો આક્ષેપ : મહારાષ્ટ્ર સરકાર

મુંબઈ, તા.૨૮

મહારાષ્ટ્રમાં કોલસાના સંકટ અને તેના દ્વારા સર્જાયેલા વીજ સંકટને લઈ રાજ્ય સરકારે કેન્દ્ર પર નિશાન સાધ્યું છે. મહારાષ્ટ્રના ઉર્જા મંત્રી નિતિન રાઉતે જણાવ્યું કે, કોલ ઈન્ડિયા પાસેથી ખૂબ જ ઓછો કોલસો મળી રહ્યો છે અને કેન્દ્ર આ મામલે કોઈ મદદ નથી કરી રહ્યું. કોલસાની તંગીના કારણે મહારાષ્ટ્ર ભયંકર વીજ સંકટનો સામનો કરી રહ્યું છે. વીજ સંકટ માત્ર મુંબઈ પૂરતું જ સીમિત નથી પરંતુ બાકીના વિસ્તારોમાં તે હજુ સુધી કાબૂમાં છે.

રાઉતના કહેવા પ્રમાણે આશરે ૨૦ લાખ મેટ્રિક ટનની તંગી છે અને રાજ્યના પ્રમુખ ઉર્જા મથકોમાં આગામી ૨ જ દિવસમાં કોલસાનો સ્ટોક ખતમ થઈ જશે.

રાઉતે જણાવ્યું કે, મહારાષ્ટ્રમાં હાલ મહા વિકાસ અઘાડીની સરકાર હોવાથી તે હાલ પાવર પોલિટિક્સનો સામનો કરી રહ્યું છે. આ કારણે કેન્દ્ર સરકાર તેને ઉચિત સહયોગ નથી આપી રહી જેથી કૃત્રિમ સંકટ સર્જાયું છે.

વધુમાં જણાવ્યું કે, 'કોલસાની તંગી છે તેમાં કોઈ શંકા નથી. અમે કોલ ઈન્ડિયા લિમિટેડ સાથે સમજૂતિ કરેલી છે. અન્ય કેટલીય કંપનીઓ સાથે પણ એમઓયુ કરેલા છે. અમારો કોન્ટ્રાક્ટ ૧૦



લાખ મિલિયન મેટ્રિક ટનનો છે. તેમાં ૬૦-૭૦ ટકાની ઉણપ છે. અમને પૂરો ક્વોટા મળવો જોઈએ પરંતુ માત્ર ૮૫ ટકા પુરવઠો જ મળી રહ્યો છે. આ કારણે ૫૦ ટકા જેટલી કોલસાની તંગી સર્જાઈ છે. જોકે અમારા વીજ સંયંત્રો દ્વારા ઉત્પાદન વધારવામાં આવ્યું છે અને અમે પીક પીરિયડમાં પર્યાપ્ત વીજળી પૂરી પાડવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.'

# કમલનાથનું વિપક્ષી નેતા પદેથી રાજીનામું

## કમલનાથ વિવાદમાં ઘેરાયેલા હતા : હવે ગોવિંદ સિંહને વિપક્ષ નેતા બનાવાયા

ભોપાલ, તા.૨૮

મધ્ય પ્રદેશ વિધાનસભામાં વિપક્ષ નેતાની ભૂમિકા ભજવી રહેલા પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે પોતાના પદ પરથી રાજીનામુ આપી દીધું છે. તેમના સ્થાને હવે ગોવિંદ સિંહને વિપક્ષ નેતા બનાવી દેવામાં આવ્યા છે. અગાઉ પણ એવી અટકળો લગાવાઈ રહી હતી કે, કમલનાથ પોતાના પદેથી રાજીનામુ આપી શકે છે ત્યારે આખરે તેમણે પોતાનું રાજીનામુ કોંગ્રેસ હાઈકમાનને સોંપી દીધું છે.

જોકે કમલનાથના આ પગલાં પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સામે નથી આવ્યું. છેલ્લા અનેક દિવસથી કમલનાથ વિવાદોમાં ઘેરાયેલા હતા. વિધાનસભાની કાર્યવાહી મામલે તેમણે એક નિવેદન આપ્યું હતું તેને લઈને

● અનુસંધાન પાન-૭ પર



# નવા ઈલેક્ટ્રિક ટૂ-વ્હીલર ન લોન્ચ કરવા ઉત્પાદકોને આદેશ

## ઈલેક્ટ્રિક ટૂ-વ્હીલર્સમાં આગની ઘટનાઓથી તંત્ર હરકતમાં : આગની ઘટનાઓ અંગે કોઈ સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી નવા વાહન લોન્ચ નહીં કરી શકાય : સરકારનો આદેશ

નવી દિલ્હી, તા.૨૮

ઈલેક્ટ્રિક વ્હિકલ્સ અને ખાસ કરીને ટુ-વ્હીલર્સમાં



તાજેતરમાં આગની જીવલેણ ઘટનાઓ બન્યા પછી સરકાર ચોંકી ગઈ છે. ઈલેક્ટ્રિક વાહનના ઉત્પાદકોને હાલ પૂરતા કોઈ નવા ટુ-વ્હીલર લોન્ચ ન કરવા આદેશ આપવામાં આવ્યો છે. ઉત્પાદકોએ સૌથી પહેલા આગની ઘટનાઓની તપાસ કરીને સમસ્યાનું નિરાકરણ લાવવાનું રહેશે.

સોમવારે રોડ, ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા એક બેઠક બોલાવવામાં આવી હતી જેમાં ઈલેક્ટ્રિક વાહનના ઉત્પાદકોને હમણાં કોઈ ટુ-વ્હીલર લોન્ચ ન કરવા જણાવાયું હતું. એક અધિકારીએ કહ્યું કે આગની ઘટનાઓ અંગે કોઈ સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી નવા વાહન લોન્ચ નહીં કરી શકાય. એક ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર કંપનીએ તાજેતરમાં પોતાની એક આખી બેચને રિકોલ કરવાની ફરજ પડી છે. બીજી કેટલીક કંપનીઓએ પણ વાહનો રિકોલ કર્યા છે. ઈલેક્ટ્રિક વાહનોમાં આગની ઘટનાઓમાં કેટલાક લોકોના જીવ ગયા છે. પરિવહન મંત્રી નિતિન ગડકરીએ ગયા સપ્તાહમાં ઈલેક્ટ્રિક વ્હિકલ ઉત્પાદકોને પોતાના ખામીયુક્ત વાહનો પરત ખેંચવા જણાવ્યું હતું. ત્યાર પછી ઓલા, ઓકિનાવા અને પ્યોર ઈવી જેવી કંપનીઓએ ૭૦૦૦થી વધુ ઈલેક્ટ્રિક સ્કૂટર રિકોલ કર્યા છે.

ઈવી ઉત્પાદકોને એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટર વ્હીકલ એક્ટ પ્રમાણે સરકાર પાસે એટલી સત્તા છે કે તે કંપનીઓને

● અનુસંધાન પાન-૭ પર

# ચિંતા : દેશમાં કોરોનાના ૩,૩૦૩ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૨૮

દેશમાં ફરી એકવાર કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. દરરોજ આંકડામાં વધારો થઈ રહ્યો છે, જે લોકોની ચિંતામાં વધારો કરી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં, કોરોનાના ૩,૩૦૩ નવા કેસ નોંધાયા છે, જે પછી એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૬ હજાર ૯૮૦ થઈ ગઈ છે.

દૈનિક હકારાત્મકતા દર પણ વધીને (૦.૬૬%) થયો છે. રિપોર્ટ અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૬૩ નવા દર્દીઓ સાજા પણ થયા છે. જો કુલ આંકડાઓ પર નજર કરીએ તો, કોરોનાથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૪ કરોડ ૨૫ લાખ ૨૮ હજાર ૧૨૬ થઈ ગઈ છે. આ સિવાય મહામારીના કારણે ૫ લાખ ૨૩ હજાર ૬૯૩ લોકોના મોત થયા છે. સરકારી આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે.

# દેશમાં ડિમેટ ખાતાની સંખ્યા ૬૩ ટકા વધીને ૮.૯૭ કરોડ

મુંબઈ, તા.૨૮

ભારતના સૌથી મોટા આઈપીઓની આધિકારીક જાહેરાત થઈ ચૂકી છે. આગામી સપ્તાહે એલઆઈસીનો આઈપીઓ ખુલશે. જોકે તે પહેલાં જ રોકાણકારોનો ક્રેઝ સાતમા આસમાને છે. આઈપીઓની જાહેરાત પૂર્વે જ દેશમાં કરોડો નવા એકાઉન્ટ ખુલ્યાં છે અને એક્ટિવ થયા છે. એલઆઈસીએ બુધવારે તેના આઈપીઓની તારીખ, કિંમત સહિત મહત્વની બાબતોની જાહેરાત કરી હતી. રોકાણકારો, ખાસ કરીને પોલિસીધારકો અને નવા રોકાણકારો દેશની સૌથી મોટી વીમા કંપનીના આઈપીઓ માટે ઉત્સાહિત છે.

# ઉત્તરપ્રદેશમાં ધાર્મિક સ્થળો પરના ૧૦,૯૨૩ લાઉડસ્પિકર હટાવાયા

## ઉત્તર પ્રદેશમાં ગેરકાયદેસર લાઉડસ્પીકર સામે ઝૂંબેશ

લખનૌ, તા.૨૮

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશ બાદ ઉત્તર પ્રદેશના ધાર્મિક સ્થળો પર ગેરકાયદેસર રીતે લગાવવામાં આવેલા લાઉડસ્પીકર સામે યુપી સરકારનું અભિયાન જારી છે. અધિક મુખ્ય સચિવ ગૃહ અવનીશ અવસ્થીના નિર્દેશ બાદ બુધવારે સાંજ સુધીમાં રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી કુલ ૧૦૯૨૩ ગેરકાયદેસર લાઉડસ્પીકર હટાવવામાં આવ્યા છે જ્યારે ૩૫૨૨૧ લાઉડસ્પીકર નિર્ધારિત ધોરણો મુજબ કરાવવામાં આવ્યા હતા. સરકારે બધા જિલ્લાઓના પોલીસ કેપ્ટનો અને કમિશનરેટથી ૩૦ એપ્રિલ સુધી ગેરકાયદેસર રીતે લગાવવામાં આવેલા લાઉડસ્પીકર સામે અભિયાન ચલાવીને રિપોર્ટ તંત્રને મોકલવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ધાર્મિક સ્થળો પર લાઉડસ્પીકરનો ઉપયોગ નક્કી માપદંડો અનુસાર જ કરવાની વાત કરી હતી. તેમણે અધિકારીઓને નિર્દેશ આપ્યો છે



કે, નવા ધાર્મિક સ્થળો પર લાઉડસ્પીકર નહીં લગાવવા.

આ ઉપરાંત ધર્મગુરૂઓ સાથે વાતચીત કરીને પરસ્પર સહમતિથી લાઉડસ્પીકર ઉતારવા અને અવાજ ઓછો કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો. ત્યારબાદ એક્શનમાં આવેલી પોલીસે આ અભિયાન ચલાવ્યું છે. આગ્રા ઝોન, મેરઠ ઝોન ૧૨૦૪, બરેલી ઝોન ૧૦૭૦, લખનૌ ઝોન ૨૩૯૫, કાનપુર ઝોન, ૧૦૫૬, પ્રયાગરાજ ઝોન ૧૧૭૨, ગોરખપુર ઝોન ૧૭૮૮, વારાણસી ઝોન ૧૩૬૬, કાનપુર કમિશનરેટ ૮૦, લખનૌ કમિશનરેટ ૧૯૦, ગૌતમબુદ્ધ નગર કમિશનરેટ ૧૯ અને વારાણસી કમિશનરેટ ૧૭૦ લાઉડસ્પીકર ઉતારવામાં આવ્યા છે.

ટ્યુશન વગર સર્વશ્રેષ્ઠ પરિણામ આપતી ગુજરાતની એક માત્ર સંસ્થા.....

The Right way of Learning the Best Education.....

Infocity JUNIOR SCIENCE COLLEGE & SCHOOL

Since-2004

Secondary & Higher Secondary English & Gujarati Medium School



Infocity School Sargasan
Ta & Dist. Gandhinagar - 382421

6th to 12th (Science)
EnglishMedium
Gujarati Medium
Sargasan Unit
Mo. : 76238 71647
76238 71648
Office Timing : 8am to 2pm



Infocity Complex, Near Gh-0,
Annexe Building, Gandhinagar.

9th to 12th
Only English Medium
Science & Commerce
Gh-0 Unit
Mo. : 93274 35816
Office Timing : 8am to 2pm